જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૭/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૧૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૭૧ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૬ બીયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૫૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૧૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૧૯/૨૦૨૬**

સાયબર ક્રાઇમઃ પ્રદીપ સ/ઓ રમણીકલાલ સોલંકી (ઉ.વ.૬૫) (રહે. ચિત્રકુટ એપાર્ટમેન્ટ પાર્ટ–૧ ત્રિવેણી બંગ્લોઝ સામે બોડકદેવ) એ તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૬ કલાક ૨/૩૦ થી તા.૨૧/૦૭/૨૦૨૬ કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વોટ્સએપ મોબાઈલ નંબર +૯૧ ૯૦૦૫૦૯૪૨૨૨ ના ધારકે જેના વોટ્સએપ પ્રોફાઈલ (ડીપી) માં પ્રદીપ સોલંકીના મેનેજીંગ ડાયરેક્ટર નાઓનો ફોટો રાખી પોતે મેનેજીંગ ડાયરેક્ટર હોવાનું જણાવી ખોટુ નામ ધારણ કરી, અલગ–અલગ બેન્ક એકાઉન્ટની ડિટેઈલ્સ મોકલી આપી તાત્કાલિક રૂપિયા ટ્રાન્સફર કરી, યુ.ટી.આર.નંબર મોકલી આપવા અને પેમેન્ટ NEO CHEM કંપનીના ખાતામાંથી કરવાનુ જણાવી કુલ રૂપિયા ૧,૪૭,૭૧,૮૦૯/– ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી મેળવી લઈ છેતરપિંડી કરી છે.

તેમજ મેનેજીંગ ડાયરેક્ટર નાઓના મોબાઈલ નંબર ઉપર મોબાઈલ નંબર +૯૧ ૭૦૫૫૧૫૬૦૮૦ પરથી Zip file મોકલી ઓફીસના કોમ્પ્યુટર હેક કરી, ઓફીસના કોમ્પ્યુટરનો એક્સેસ મેળવી લીધો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.પી.વાઘેલા ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ ભરતભાઇ શીવાભાઇ સિસોદીયા (ઉ.વ.૨૯) (રહે. વંદે માતરમ લીલી ફ્લેટ આવકાર હોલની બાજુમાં મણીનગર) એ તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વૈષ્ણોદેવી સર્કલ તથા તીલક પાર્ટી પ્લોટની બાજુમા ઓગણજ એ એ ફર્નીચર ખાતે સેલ્સમેન તરીકે નોકરી કરતા મિત યોગેશભાઇ ચૌહાણ (રહે. દિવ્યા ભુમી સોસાયટી શિલ્પા સોસાયટીની બાજુમાં ડી કેબિન સાબરમતી) એ તા.૦૧/૦૨/૨૦૨૬ થી તા.૧૦/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ફર્નીચર શો–રૂમના ધંધાના બિલીંગ ઓર્ડરમાંથી ભરતભાઇ સિસોદીયાના ફર્નીચર શો–રૂમના અલગ–અલગ ગ્રાહકો પાસેથી લીધેલ બિલની રોકડ રકમ તથા આંગડીયા મારફતે લીધેલ રકમ તથા અલગ–અલગ ખાતામાં ઓનલાઇન મેળવેલ રકમ મળી કુલ રૂપિયા ૧૪,૨૫,૬૫૦/– ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૨૦/૨૦૨૬**

ઓઢવઃ સંજ્યકુમાર પ્રધાનજી ઠાકોર (રહે. ઠાકોર વાસ ગુરૂદ્વારા મંદિરની બાજુમાં ઓઢવ ગામ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૬ સવારના ૦૮/૪૫ થી બપોરના ૦૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક મકાનના કબાટમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૯,૭૦૦/– તથા રોકડ રૂપિયા ૧૧,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૦,૭૦૦/–મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૨૧/૨૦૨૬**

વટવાઃ દેવલ દિનેશભાઇ પટેલ (રહે.નિલંકઠ પરીવાર મારૂતિ શો–રૂમ વસ્ત્રાલ રામોલ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ વાગ્યાના સુમારે વટવા રૂપ અવન્યુ ફલેટની નિચે આવેલ ગજાનંદ ટ્રેડસ નામની દુકાન સામે પાર્ક કરેલ પોતાની ઇક્કો ગાડીમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૬,૧૦,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.જાડેજા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૦૨૨/૨૦૨૬**

રખિયાલઃ સુશીલકુમાર ઘનરાજભાઇ લખારા (ઉ.વ.૩૦) (રહે. મુરલીધર હાઇટ્સ, હંસપુરા, નવા નરોડા) તા.૨૨/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે રખિયાલ ભારત એસ્ટેટ ખાતે કામ કરતા હતા ત્યારે સિમેન્ટનું પતરું તૂટી જતા પતરા પરથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિકુલભાઇ ઇશ્વરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૨૩/૨૦૨૬**

સરદારનગરઃ ક્રિષ્નાબહેન વા/ઓ મયુરભાઈ ચારણ (ઉ.વ.૨૧) (રહે. ચારણવાસ એ–વોર્ડ કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૬ રાતના ૧૧/૧૫ થી ૧૧/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી